અપીલ અરજી નં.૮૧ તા.૨૬–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી યર્જુવેન્દ્ર જયપ્રકાશ દુબે

સામાવાળાઃ– એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી યર્જુવેન્દ્ર જયપ્રકાશ દુબેની આઈ ડી નં.૪૦ તા.૨૧–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૩૬ ના પરવત, ગોડાદરા, ડીંડોલી વિસ્તારમાં ગુમાસ્તાધારા ધ્વારા કેટલો લાભ થયેલ છે, સદર વિસ્તારમાં ગુમાસ્તાના લાયસન્સ કેટલાયે મેળવેલ છે , ગુમાસ્તા લાયસન્સ શાના માટે જરૂરી હોય છે જો લાયસન્સ વિના ધંધો કરે તો તેમની સામે શું કાર્યવાહી થઈ શકે છ?. આજ સુધી કેટલી કાર્યવાહી થઈ? લાયસન્સ આપતી વખતે સ્થળ તપાસ કરવામાં આવે છે? આકારણી વગર પણ લાયસન્સ આપવામાં આવે છે ?સમગ્ર બજારમાં તમામ દુકાનોના ગુમાસ્તાધારા લાયસન્સ કેમ નથી? શું ત્યાં તપાસ કરવામાં આવતી નથી? વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૨૬–૬–'૦૯ ની અપીલ અરજી નં.૮૧/૨૦૦૯–૧૦

શ્રી યર્જુવેન્દ્ર જયપ્રકાશ દુબેની આઈ ડી નં.૪૦ તા.૨૧–૫–૦૯ ની અરજીથી વોર્ડ નં.૩૬ ના પરવત, ગોડાદરા, ડીંડોલી વિસ્તારમાં ગુમાસ્તાધારા ધ્વારા કેટલો લાભ થયેલ છે સદર વિસ્તારમાં ગુમાસ્તાના લાયસન્સ કેટલાયે મેળવેલ છે? ગુમાસ્તા લાયસન્સ શાના માટે જરૂરી હોય છે? જો લાયસન્સ વિના ધંધો કરેલ તો તેમની સામે શું કાર્યવાહી થઈ શકે છે? આજ સુધી કેટલી કાર્યવાહી થઈ? લાયસન્સ આપતી વખતે સ્થળ તપાસ કરવામાં આવે છે? આકારણી વગર પણ લાયસન્સ આપવામાં આવે છે? સમગ્ર બજારમાં તમામ દુકાનોના ગુમાસ્તાધારા લાયસન્સ કેમ નથી? શું ત્યાં તપાસ કરવામાં આવતી નથી? વિગેરેની માહિતી આપવા બાબતે માંગેલી માહિતીનો પ્રથમ જવાબ આપવામાં આવ્યો નહીં હોવાનું જણાવી તથા કોના કોના માટે ગુમાસ્તા લાયસન્સ જરૂરી હોય છે? તેનો જવાબ બરાબર નથી તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૮ તા.૭–૭–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)ને પત્ર પાઠવવામા આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૧–૫–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ વિગત બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન/મહેકમ/૮૪૭ તા.૧૯–૬–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું અત્રે મોકલેલ નકલ પરથી જણાય છે. જે અંગે તા.૨૬–૬–૦૯ થી કરેલ અપીલમાં અપીલના મુદ્દા નં.૧ માંગેલી માહિતી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોંધણીના કક્ષાવાર દરની માહિતી આપેલ છે. પરંતુ કેટલો લાભ થયો? તેની વિગત જણાવેલ જણાતી નથી. કે નહીં આપવા બાબતે કલમ–૭(૯) કે ૮ હેઠળના કોઈ અપવાદ હેઠળ ઈન્કાર કરેલ જણાતો નથી. અપીલના મુદ્દા નં.૨ શાના શાના માટે ગુમાસ્તા લાયસન્સ જોઈએ તેનો જવાબ બરાબર આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ જે વ્યકિતઓ દુકાનો અને સંસ્થાઓનો ધંધો કરે છે તેઓએ ગુમાસ્તાધારા કાયદા અન્વયે ૩૦ દિવસમાં નોંધણી કરવાની હોય છે. જો કોઈ વ્યકિત નોંધણી કર્યા વગર ધંધો કરતાં માલુમ પડે તો તેમની સામે નામદાર કોર્ટમાં ફરીયાદ પગલા લેવામાં આવે છે. અત્યાર સુધી નોંધણી નહીં કરવા બાબતે છેલ્લા વર્ષ દરમ્યાન ૨૫ ફરીયાદ નામદાર મ્યુ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પ્રમાણપત્ર આપતાં પહેલા ગુ.ધા.નિરીક્ષકને જરૂર લાગે તો સ્થળ નિરીક્ષણ કરવામાં આવેલ છે જો મિલ્કત નવી બંધાતી હોય તો તેની આકારણી વગર એટલે કે ટેનામેન્ટ વગર નોંધણી થઈ શકતી નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી વોર્ડ નં.૩૬ સુરત મહાનગરપાલિકામાં સમાવેશ થવાથી ગુમાસ્તાધારા ધ્વારા વિભાગીય લાભ કેટલો થયો? જે અંગે વોર્ડ નં.૩૬ પરવત, ગોડાદરા, ડીંડોલી વિસ્તારમાં કુલ–૧૫૨૫ સંસ્થાની નોંધણી કરવામાં આવી છે અને તે મુજબ મહાનગરપાલિકાને રજીસ્ટ્રેશન ફી તથા રીન્યુ ફી વિગેરેનો આર્થિક લાભ મળેલ છે. જેમાં નોકર વગરની દુકાનોનું રજીસ્ટ્રેશન ફી રૂા.૨૦/– તથા નોકરવાળી દુકાનોનું રજીસ્ટ્રેશન ફી રૂા.૪૦/– વસુલ કરવામાં આવે છે અને નોકર વગરની વેપારી સંસ્થામાં રૂા.૨૦/– તથા નોકરવાળી વેપારી સંસ્થામાં રૂા.૬૦/– રજીસ્ટ્રેશન ફી વસુલ કરવામાં આવેલ છે. જયારે રીન્યુ ફી દરેક પ્રકારમાં રૂા.૨૦/– વસુલ કરવામાં આવે છે. મુદ્દા નં.૨ ગુ.ધા લાયસન્સ કયા કયા લોકો માટે જરૂરી છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જે વ્યકિતઓ દુકાનો અને સંસ્થાનો ધંધો કરે છે તેવો ગુ.ધા. કાયદા અન્વયે ૩૦ દિવસમાં નોંધણી કરવાની હોય છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૩ જે લોકો ગુ.ધા. વગર લાયસન્સ વગર ધંધો કરે છે તેમની ઉપર શું કાર્યવાહી થાય છે તેમના નામ અને સરનામાં સાથેની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જો કોઈ વ્યકિત નોંધણી કર્યા વગર ધંધો કરતાં માલુમ પડે તો તેમની સામે નામદાર કોર્ટમાં ફરીયાદ પગલા લેવામાં આવે છે અત્યાર સુધી નોંધણી નહીં કરવા બાબતે છેલ્લા વર્ષ દરમ્યાન ૨૫ ફરીયાદ નામદાર મ્યુ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે વિગત અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. સદર મુદ્દામાં અરજદારે તેમના નામ અને સરનામાંની વિગતની માંગણી મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે વધારાની કરેલ છે.

અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ મુદ્દા નં.૧ કેટલો લાભ થયો? તેની વિગતો જાહેર સત્તા મંડળના બજેટના આવક શિર્ષક હેઠળ ઉપલબ્ધ હોય જયારે મુદ્દા નં.ર ગુમાસ્તા લાયસન્સ નોંધણી કોને કોને માટે જરૂરી છે તે અંગેની વિગતો આરટીઅઈ એકટની કલમ–૪(૧)(બી) સ્વયં જાહેર કરવા યોગ્ય હેઠળ પણ આવે છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ માહિતી "જે વ્યકિત દુકાનો અને સંસ્થાઓનો ધંધો કરે છે" તેવી માહિતી આપેલ છે તે અનુચિત જણાતી નથી તેમ છતાં સામાન્ય અરજદારને પૂરતી માહિતી મળે તે હેતુથી કાયદા– નિયમની જોગવાઈના સંદર્ભ સહિત જરૂર જણાયે કચેરી ખાતે ઉપલબ્ધ એક બારી પધ્ધતિ નાગરિક સુવિધા કક્ષાના માધ્યમથી વધુ માહિતી ઉપલબ્ધ કરાવવાની સગવડ જણાવવી આવશ્યક રહે છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવા તથા મુદ્દા નં.ર અંગે કાયદા– નિયમોની જોગવાઈના વિશેષ સગવડના અનુસંધાનમાં વિગતોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)ને જણાવવામાં આવે છે.

મુળ અરજીથી અપીલ અરજીમાં કરાયેલ ઉપરોકત જણાવેલ વિગતો અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરવા માટે સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી યર્જુવેન્દ્ર જયપ્રકાશ દુબે,